GJAN040019332021

કેસ દાખલ થયા તા.૨૬/૦૭/૨૦૨૧
કેસ રજી. લીધા તા.૨૬/૦૭/૨૦૨૧
કેસ ફેંસલ થયા તા.૧૭/૦૭/૨૦૨૬
સમયગાળો : ૪ વર્ષ ૧૧ માસ ૧૨ દિવસ

**બોરસદના મહે.એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.બોરસદ.**

**ફોજદારી કેસ નં.૧૫૦૩/૨૦૨૧**

આંક–

**ફરીયાદી :** શ્રી સરકાર

**વિરુધ્ધ**

**આરોપી :** અલ્પેશભાઇ રાવજીભાઇ સોલંકી,
રહે.બોરસદ આકાશ પાર્ક સોસાયટી,
૧૦૦ ફુટ રોડ, તા.બોરસદ, જી.આણંદ.

---

**ગુનો :** ઇ.પી.કો.કલમ–૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪ મુજબ

---

ફરીયાદપક્ષ તરફે વિ.એપીપીશ્રી એસ.એ.દવે

આરોપી પક્ષ તરફે વિ.વ.શ્રી એસ.ડી.પઢીયાર

---

**-: ચુકા દો :-**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૩૦/૦૫/૨૦૨૧ ના કલાક ૧૮/૦૦ વાગ્યાના સુમારે ભાદરણ ગંભીરા રોડ ઉપર ખેડાસા બાપા સીતારામ મઢુલી પાસે ફરીયાદીના સાહેદ મોટર સાયકલ નં.જીજે.૨૩.બી.એન.૬૯૯૨ નું ખેતરમાંથી ઘરે જતા આરોપીએ તેની ઈકો ગાડી પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લઈ આવી એકદમ ટર્ન લેતા ફરીયાદીના સાહેદ મોટર સાયકલને જોરદાર ટકકર મારી એકસીડન્ટ કરતા ફરીયાદીના સાહેદ નટુભાઈને ડાબા હાથના બાવડા ઉપર તથા ડાબા પગના ઢીંચણ નીચે ફ્રેકચર કરી શરીરે બીજી ઓછી વત્તી ઈજાઓ પહોંચાડી ઇ.પી.કો.કલમ-૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી.એકટની કલમ-૧૭૭,૧૮૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કર્યાની ફરીયાદ ફરીયાદીએ બોરસદ રૂરલ પો.સ્ટે ગુ.રજી.નં.૧૮૬/૨૦૨૧ થી નોંધાવતા ગુનાના ત.ક.અધિકારીએ ગુનાની તપાસ કરી આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોઇ તપાસના અંતે હાલનું ચાજ"શીટ કરેલ છે.

(૨) પોલીસ અહેવાલ રજુ થતા, ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૧૯૦(૧)(ખ) ના આધારે આરોપી વિરુધ્ધ ઇ.પી.કો.કલમ-૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી.એકટની કલમ-૧૭૭,૧૮૪ મુજબના ગુનાનું સંજ્ઞાન લઇ સદર કામે આરોપીને સમન્સની બજવણી થતાં આરોપી નામદાર કોર્ટમાં હાજર થતા, આરોપીને પોલીસ પેપર્સની નકલો ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૭ અન્વયે વિના મુલ્યે પુરી પાડયા બાદ આંક-૭ થી પ્લી નોંધવામાં આવે છે અને ત્યારબાદ કેસની ઇન્સાફી કાર્યવાહી કાયદા મુજબ આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક

તેમજ દસ્તાવેજી પુરાવા રજુ છે.

**<u>મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા</u>**

| અનુ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૫ | ફરીયાદી મુકેશભાઇ ભીખાભાઇ પરમારની જુબાની |
| ૨ | ૧૬ | ફરીયાદની નકલ |
| ૩ | ૧૭ | સાહેદ મનુભાઇ રમણભાઇ મકવાણાની જુબાની |
| ૪ | ૧૮ | પંચ અશરફઅલી મહંમદઅલી સૈયદની જુબાની |
| ૫ | ૧૯ | પંચનામું |
| ૬ | ૨૪ | ત.ક.અમલદાર કીરણભાઇ દેવાભાઇ ભરવાડની જુબાની |
| ૭ | ૨૫ | મેડીકલ સર્ટી |

(૪) ફરીયાદપક્ષે ઉપરોકત પુરાવો રજુ થયા બાદ વિ.એપીપીશ્રી તરફે મૌખિક વિનંતીથી ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ. આ કામે આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયેનું વિશેષ નીવેદન નોંધવા લાયક પુરાવો હોય આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં તેઓ વિરુધ્ધના પુરાવાનો ઈન્કાર કરેલ છે. ત્યારબાદ બંને પક્ષકારો તરફે દલીલો સાંભળવામાં આવેલ.

(૫) ઉપરોકત હકીકતે સદરહું કેસના ન્યાયિક નિર્ણય અર્થે નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

**<u>મુદા</u>**

| | |
|---|---|
| ૧. | શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૩૦/૦૫/૨૦૨૧ ના કલાક ૧૮/૦૦ વાગ્યાના સુમારે ભાદરણ ગંભીરા રોડ ઉપર ખેડાસા બાપા સીતારામ મઢુલી પાસે ફરીયાદીના સાહેદ મોટર સાયકલ નં.જીજે.૨૩.બી.એન.૬૯૯૨ નું ખેતરમાંથી ઘરે જતા આરોપીએ તેની ઇકો ગાડી પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લઇ આવી એકદમ ટર્ન લેતા ફરીયાદીના સાહેદ મોટર સાયકલને જોરદાર ટકકર મારી એકસીડન્ટ કરતા ફરીયાદીના સાહેદ નટુભાઇને ડાબા હાથના બાવડા ઉપર તથા ડાબા પગના ઢીંચણ નીચે ફ્રેકચર કરી શરીરે બીજી ઓછી વત્તી ઇજાઓ પહોંચાડી ઈ.પી.કો.કલમ–૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે. ? |

| | |
|---|---|
| ૨. | શું હુકમ ? |

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

## *નિર્ણય અંગેના કારણો*

**મુદ્દા નં.૧ :**

(૭) ફરીયાદપક્ષે આંક–૧૫ થી ફરીયાદી મુકેશભાઇ ભીખાભાઇ પરમારનાઓ સોગંદ ઉપર પુરાવો આપી સરતપાસમાં જણાવે છે કે, બનાવ તારીખ તેઓને યાદ નથી પરંતુ બનાવ બન્યો તે દીવસે તેઓ અલારસા તેમના સગાને ત્યા ગયેલ હતા. બનાવની જાણ તેમને તેમની પત્ની ગીતાબેને ફોન કરી ને જણાવેલ કે મારા કાકાનો દીકરા નટુભાઈનો ખેડાસા સીતારામ મંદીર પાસે નટુભાઈ બાઈક લઈને જતા હતા ત્યારે એક ઈકો ગાડી સાથે અકસ્માત થયેલ છે અને તેને બોરસદ શ્રધ્ધા હોસ્પીટલ ખાતે સારવાર માટે લઈ ગયેલ છે જેથી હું સીધો દવાખાને ગયેલો. ત્યા જઈ ને મે જોયેલ તો મારા ભાઈ નટુભાઈ ને આ અકસ્માત થી ડાબો પગ અને ડાબો હાથ ભાગી ગયેલ હતો. ત્યારબાદ તેઓને વધુ સારવાર માટે ૧૦૮ મા ગોત્રી હોસ્પીટલ વડોદરા ખાતે લઈ ગયેલા, ત્યા તેઓને દશ થી પંદર દીવસ સુંધી અંદરના દર્દી તરીકે સારવાર કરાવેલી. મને નટુભાઈએ અકસ્માત કેવી રીતે થયેલો કે વાહનના નંબર કે તેના ચાલક વિશે કાઈ જણાવેલ નહી.

બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવ સમયે હું ત્યાં હાજર હતો નહી.

(૭.૧) ફરીયાદપક્ષે આંક–૧૭ થી સાહેદ મનુભાઇ રમણભાઇ મકવાણાનાઓ સોગંદ ઉપર પુરાવો આપી સરતપાસમાં જણાવે છે કે, બનાવની તારીખ મને હાલ યાદ નથી પરંતુ બનાવ સને–૨૦૨૧ ની સાલમા બનેલો. મારુ ખેતર ખેડાસા બસસ્ટેશન પાસ આવેલ છે. બનાવ વખતે હુ મારા ખેતરમા કામ કરતો હતો. ત્યારે સીતારામબાપાના મંદીર પાસે અવાજ થત કુ ત્યા ગયેલો ત્યારે નટુભાઈ બાઈક લઈને જતા હતાત્યારે એક ઈકો

ગાડીવાળા સાથે તેમનો અકસ્માત થયેલો. મે ત્યા જઈને જોતા નટુભાઈને પગમા તથા હાથમા ઈજાઓ થયેલી હતી. ત્યારબાદ નટુભાઈના ભાઈ મુકેશભાઈ તેઓને સારવાર માટે દવાખાનામાં લઈ ગયેલા અને હુ મારા ઘરે જતો રહેલો. બનાવ અંગે પોલીસે મારે જવાબ લીધેલો. બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, મે વાહન ચાલક કે તેમનો નંબર જોયેલ નથી કે જાણવા મળેલ નથી.

**(૭.૨)** આ કામે ફરીયાદપક્ષે આંક–૧૮ થી પંચસાહેદ અશરફઅલી મહંમદઅલી સૈયદનાઓ સોગંદ ઉપર પુરાવો આપી સરતપાસમાં આંક–૧૯ થી રજુ પંચનામામાં પોતાની સહી સીવાયની કોઇ હકીકત જણાવતા નથી. સદર પંચસાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી હકીકતો જણાવતા ન હોય વિ.એ.પી.પી.શ્રીએ ઉલટતપાસમાં પુછી શકાય તેવા સુચક પ્રશ્નો પુછવાની પરવાનગી આપતા અને વિગતવારના સુચક પ્રશ્નો પુછવા છતાં ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે તેવી કોઇ હકીકત સદર પંચસાહેદે જણાવેલ નથી.

**(૭.૩)** ફરીયાદપક્ષે આંક–૨૪ થી ત.ક.અમલદાર કીરણભાઇ દેવાભાઇ ભરવાડનાઓ સોગંદ ઉપર પુરાવો આપી સરતપાસમાં જણાવે છે કે, તપાસની કાર્યવાહી તેઓને સોંપતા તેઓએ પંચનામું કરી લાગતા વળગતા સાહેદોના નીવેદનો લઇ ઈજા પામનારનું ઈન્જરી સર્ટી સામેલ રાખી આરોપી સામે પુરતો પુરાવો હોય નામ.કોર્ટમાં ચાર્ઝશીટ કરેલુ., બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, ફરીયાદ સીવાયના તમામ સાહેદોના નીવેદનો લીધેલા છે તે ફરીયાદીના કુટુંબના લીધેલા છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, મારી તપાસ દરમ્યાન ફરીયાદી કે સોહદોના નીવેદનોમાં આરોપીનું કોઈ શારીરીક વર્ણન થયેલ નથી કે તપાસ દરમ્યાન ઓળખ પરેડ કરાવવામાં આવેલ નથી. તે સિવાય સદર સાહેદને પુછવામાં આવેલ પ્રશ્નોનો સાહેદે ઈન્કારમાં જવાબ આપી પોતાની સોગંદ ઉપરની સરતપાસને સમર્થન કરવાનો પ્રયત્ન કરેલ.

(૮) ઉપરોકત સમગ્ર પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો, સૌ

પ્રથમ આંક–૧૫ થી ફરીયાદી તેઓના પુરાવામાં અકસ્માત થયેલાનું જણાવે છે પરંતુ અકસ્માત કરનાર વાહનનો નંબર કે તેના ચાલકને ઓળખી બતાવતા નથી, તેમજ તેઓ બનાવ સમયે હાજર હતા નહી, વધુમાં આંક–૨૪ થી ત.ક.અમલદાર તેઓની ઉલટતપાસમાં તેઓએ શા માટે તપાસ દરમ્યાન ઓળખ પરેડ કરાવેલ નથી  તે બાબતે કોઈ ખુલાસો કરેલ નથી.

(૯) આ કામે સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામે અકસ્માતમાં ફરીયાદીને ઈજાઓ થયેલાનું ફલિત થાય છે પરંતુ આ અકસ્માતમાં હાલના આરોપીની સંડોવણી હોવાનું પુરવાર થઈ શકેલ નથી. પડેલ પુરાવાની ચર્ચા કરવામાં આવે તો, આરોપી સામે જયારે બેફીકરાઈથી વાહન ચલાવી અકસ્માત કરવાનો આક્ષેપ છે ત્યારે ફરીયાદપક્ષે તે સાબીત કરવું જોઈએ કે, બનાવ સમયે આરોપી જ વાહન ચલાવી રહયા હતા અને વાહન ચલાવવાનું આરોપીનું કૃત્ય એટલી બેફીકરાઈથી અને બેદરકારીભર્યુ અને મનુષ્યની જીંદગી જોખમાય તેવું હતું કે જેથી આરોપીને અકસ્માત સંદર્ભે ફોજદારી જવાબદારી માટે દોષિત ઠરાવી શકાય. ત્યારે નામ. ગુજરાત હાઈકોર્ટના નીચેના ચુકાદાઓ ધ્યાને લેવા જરૂરી બની રહે છે.આ ચુકાદામાં નામ. ગુજરાત હાઈકોર્ટે એવુ ઠરાવેલ છે કે ફરીયાદ પક્ષે આરોપીનુ કૃત્ય બેફામપણે અને બેદરકારીપુર્વકનું હતુ એવુ સાબિત કરવુ જોઈએ અને જો આ હકીકત સાબિત કરવામાં ન આવે તો આરોપીનું કૃત્ય બેફામપણે અને બેદરકારીપુર્વકનું હતુ એવુ અનુમાન થઈ શકે નહી.

IN THE HIGH COURT OF GUJARAT AT AHMEDABAD

R/CRIMINAL APPEAL NO. 1360 of 2011
DALAPATBHAI RAMESHBHAI VASAVA
**Versus**
STATE OF GUJARAT
Date : 22/06/2020

27. On appreciating the oral evidence of the injured witnesses, it is clearly found that every witness has emphasized on **the fact that tempo was being driven at a high speed and due to that driver has lost control over tempo near the place of occurrence**. At this juncture, it is worthwhile to refer to the decision of Honourable Apex Court in the case

of **Mrs.Shakila Khader And Ors. vs Nausheer Cama And Ors. Reported in AIR** 1975 **SC** 1324,(1975) 4 **SCC** 122, wherein it was observed that **main criteria for deciding whether driving which relate to accident was rash and negligent is not only the speed** but the width of the road, density of the traffic etc. Further in the case of **State of Karnataka v. Satish (supra),**

**the Honourable Supreme Court has held that merely because truck was being driven at a "high speed"does not bespeak of either "negligence" or"rashness" by itself. "High Speed" is a relative term and criminality is not to be presumed subject of course to some statutory exceptions. In absence of any material on record, no presumption of"rashness" or "negligence" could be drawnby invoking the maxim "ras ipsa locutar".**

State of Gujarat **V/s** Mahmad Sarif Umar Gajal Muslim,

G.L.H. 2007(3) 561,

A scrutiny of the evidence broughton record by the prosecution as reproduced herein above, reveals that what has been brought on record is the fact that an accident took place, that the accused was driving the tempo, the deceased persons were coming on a bicycle which dashed against the tempo on the righthand side, they sustained injuries and later succumbed to them. **A cumulative scrutiny of the entire evidence on record does not point towards rash and negligent driving on the part of the accused.** As has been held in state of Gujarat vis Dr **Maltiben Valjibhai shah (Supra)** to constitute an offence under section 304-A of the Indian penal code, it is necessary for the prosecution to etstablish that the act of the accused is rush or

negligent and by such act the death has occurred and that act does not amount to culpable homicide. { PARA : 16 }

તે હકીકત નિર્વિવાદ છે કે, અકસ્માતના બનાવમાં ફરીયાદીનું અકસ્માત થયેલ અને તેમાં તેઓને ઈજાઓ થયેલ છે. પરંતુ, હાલના બનાવ માટે આરોપી જવાબદાર છે કે કેમ ? બનાવ વખતે બનાવમાં કહેવાતું સંડોવાયેલ વાહન આરોપી ચલવાતા હતા કે કેમ ? તેમજ તેઓની ગુનાહીત બેદરકારીના કારણે હાલનો બનાવ બનેલ છે કે કેમ? તે બાબતે બચાવપક્ષે ઉઠાવેલી તકરારના સંદર્ભમાં જોવામાં આવે તો, ફરીયાદીની જુબાનીનું મુલ્યાંકન કરતા તેઓ અકસ્માત કરનાર વાહનનો નંબર જણાવતા નથી કે અકસ્માત કરનાર વાહનચાલકને ઓળખી બતાવતા નથી, જેથી તેઓના પુરાવાના આધારે આરોપીને કસુરવાન ઠરાવી શકાય નહી. આમ, ઉપરોકત ફરીયાદપક્ષના પુરાવાથી બનાવ બનેલાનું ફલીત થાય છે પરંતુ હાલના આરોપીના બેદરકારીભર્યા કૃત્યના કારણે બનાવ બનેલ તેવી કોઈ જ હકીકત જણાવતા ના હોય ઉપરોકત તપાસેલ સાહેદોની જુબાનીથી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. આ સંજોગોમા આરોપીના કોઈ નિષ્કાળજી ભર્યા કૃત્યના કારણે હાલનો બનાવ બનેલ છે, તેવા તારણ ઉપર આવી શકાય તેમ નથી. આ કામના આરોપી ધ્વારા માનવીની જીદગી જોખમાય તે રીતેનું કોઈ કૃત્ય કરેલ હોય તેવા તારણ ઉપર આવી શકાય તેમ ન હોય, સાબીત થયેલી હકીકત કોને કહેવાય તે અંગેની ઉપરોકત હકીકતોને લક્ષમાં લેતા, આ કામમા અદાલત સમક્ષ પડેલ પુરાવાના આધારે તેમજ ઉપરોકત સમગ્ર ચર્ચાને લક્ષમાં લેતા, એવા નિર્ણય ઉપર આવી શકાય તેમ નથી કે આ કામના આરોપી બનાવ વખતે બનાવમાં સંકળાયેલ વાહન નિષ્કાળજી અને માનવીની જીદગી જોખમાય તે રીતે ચલાવતા હતા. આવા સંજોગોમાં આરોપીને આરોપ સાથે સાંકળવાનેપાત્ર લેશમાત્ર

પુરાવો ના હોય, આરોપીને નિર્દોષ ઠરાવીને છોડી મુકવા રહ્યા, તે સંજોગોમા મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપી ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## આખરી હુકમ

(૧) આ કામના આરોપી અલ્પેશભાઈ રાવજીભાઈ સોલંકીનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૧) અન્વયે ઇ.પી.કો કલમ–૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાપાત્ર ગુનાના કામે પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીના સી.આર.પી.સી કલમ–૪૩૭(એ) મુજબના સમય માટે જુના જામીન ચાલુ રાખવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૧૭ મી, માહે–જુલાઇ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૭/૦૭/૨૦૨૬ (ડી.એલ.ઠાકોર)
મુ.બોરસદ. એડીશ્નલ ચીફ.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
બોરસદ.
કોડ નં.જીજે.૦૦૮૯૩

એ.એમ.પઠાણ
ગુજરાતી સ્ટેનોગ્રાફર